

**વાહનચાલકો બેફામ ચાલતા લોકો વિફર્યા : ગ્રામજનો અને ધારાસભ્યએ રસ્તા પર ઉતરી ટ્રાફિક જામ કર્યું**

ધાનેરા ડી.બી.પારેખ આગળ બેફામ ચાલતા વાહન ચાલકો સામે લોકો રોષે ભરાયા હતા અને ધાનેરાના ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં લોકોએ ચક્કાજામ કરી વિરોધ દર્શાવ્યો. ધાનેરામાં અગ્રવાલ હોસ્પિટલ પાસે રેલવે પુલનું કામ ચાલતું હોવાથી તંત્ર દ્વારા મોટા વાહનોને ડાયવર્ઝન આપવામાં આવે છે પરંતુ મોટા વાહન ચાલકો ગામડાના રસ્તેથી ધાનેરા શહેરમાં આવે છે અને ધાનેરા શહેરના રસ્તાઓ પર બેફામ ચાલે છે અને અકસ્માત સર્જે છે ગઈ કાલે પણ એક અકસ્માત સર્જાયો હતો અને તેમાં બાળકને પગના ભાગ ગંભીર ઈજા થવા પામી હતી ત્યારે લોકોની સાથે સાથે અબોલ પશુઓને પણ મોતને ઘાટ ઉતારે છે જેને લઈ આજે લોકો રોષે ભરાયા હતા ધાનેરાના ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ચક્કાજામ કર્યુ હતું ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં સ્થાનિક તંત્ર પણ દોડતું થયું હતું અને તાત્કાલિક ઘટનાસ્થળે આવી મોટા વાહનોને શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ કરતા લોકોનો ગુસ્સો શાંત થયો હતો તો બીજી તરફ ધાનેરા ના ધનરાસભ્ય એ પણ તંત્ર ને રજૂઆત કરી હતી અને તાત્કાલિક ધોરણે લોકોની તકલીફ દૂર થાય તે માટે સ્થાનિક તંત્ર ને રજૂઆત કરી હતી.

# ખેડબ્રહ્મા પ્રજાસત્તાક પર્વની પત્રિકામાં વર્ષ લખવાનું ભુલાયું

## અધિકારીઓને કયું વર્ષ છે તે જાણવા માટે રેકોર્ડ જોવું પડશે

ખેડબ્રહ્મા, તા. ૨૨

આખા ભારત દેશ આગામી ૭૧ મો પ્રજાસત્તાક પર્વ રવિવારે ઉજવશે જેને લઈ જેતે વહીવટી ખાતાઓ ઘ્વારા આમંત્રણ પત્રિકાઓ આપવામાં આવી રહી છે જેમાં ખેડબ્રહ્મા તાલુકા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ રંગેચંગે ઉજવાય તે પહેલા વહીવટી અને દેશ દાઝ ની ઝલક તેમજ બેદરકારી બહાર આવી છે

ખેડબ્રહ્મા મામલતદાર કચેરીએ પ્રજાસત્તાક પર્વની આમંત્રણ પત્રિકામાં કેટલામા વર્ષનું પર્વ ઉજવી રહ્યા છે તે લખાવનું ટાળ્યું છે. જે અંગે વિગતો મેળવતાં કચેરીના સત્તાધિશોએ ભૂલ-ભૂલામણી થતી હોવાથી વર્ષ ન લખવાનું કારણ આગળ ધાર્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉંચી ધનાલ મુકામે થવાની છે. જેની પત્રિકા છપાવી મામલદાર કચેરીના સત્તાધિશો સંબંધિતોને આમંત્રણ આપી રહ્યા છે. જેમાં ધ્યાનથી જોતા ખેડબ્રહ્મા તાલુકાના નાગરિકો કેટલામા વર્ષનો પ્રજાસત્તાક પર્વ ઉજવશે તેની આયોજકોને જ ખબર નથી. નાયબ મામલતદાર હેમેન્દ્રસિંહને (મહેસુલ) વિભાગ ને પુછતાં જણાવ્યુ હતુ કે, પ્રજાસત્તાક પર્વની ગણતરીમાં ભુલ પડે છે આ સાથે કેટલાકો પ્રજાસત્તાક પર્વ છે તે ખબર ન હોવાથી લખવાનું ટાળ્યું છે.

આવી સ્થિતિમાં ખેડબ્રહ્મા પંથકના નાગરિકોને પ્રજાસત્તાક બન્યાના વર્ષ જણાવવામાં મામલતદાર કચેરી નિષ્ફળ ગઈ છે. ઉલ્લેખનિય છે કે, દર વર્ષે મામલતદાર અને કલેક્ટર કચેરી પ્રજાસત્તાક પર્વનું આયોજન કરે છે ત્યારે, તેના વર્ષનો ઉલ્લેખ પત્રિકામાં હોય છે. વિજયનગર મામલતદાર, ખેડબ્રહ્મા શાળાઓમાં ૭૧ મા પર્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જ્યારે ખેડબ્રહ્મા મામલાતદાર કચેરીની પત્રિકામાં તેનો ઉલ્લેખ નથી.

# ડીસા તાલુકાના પેછડાલમાં પણ શૌચાલયનું ભૂત ધુણ્યું

ડીસા, તા. ૨૨

ડીસા તાલુકામાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વચ્છ ભારત અભિયાનનું સપનું રોળાઈ ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બનાવેલ શૌચાલય કૌભાંડમાં દિન પ્રતિદિન એક પછી એક ગેરરીતિઓ બહાર આવી રહી છે .બનાસકાંઠા જિલ્લાના અનેક ગામોમાં શૌચાલય કૌભાંડ આચરાયું હોવાનું જાણવા મળી રહ્યું છે જેમાં ખાસ કરીને ડીસા તાલુકામાં સરકારી અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી શૌચાલય બનાવવામાં ભય વગરનો ભ્રષ્ટાચાર અચરાયો છે જેમાં ડીસા તાલુકાના બુરાલ ગામે કાગળ ઉપર શૌચાલય બનતા સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા આ ઉપરાંત થોડા સમય પહેલા કૌભાંડ મામલે તત્કાલીન તાલુકા પંચાયત ડીસાના ઈન્ચાર્જ ટી. ડી. ઓ. ને પણ જેલવાસ થયો હતો

જે બાદ મનરેગા યોજના હેઠળ કૌભાંડ બહાર આવ્યું હતું તેમાં પણ તત્કાલીન ઈન્ચાર્જ ટી.ડી.ઓ. ની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ હાલમાં તલાટી કમ મંત્રી તથા અધિકારીઓ સામે તપાસ ચાલું હોવાનું ગાણું ગવાય છે જયારે સમગ્ર શૌચાલય કૌભાંડમાં ગામ વિકાસ એજન્સીની મુખ્ય ભુમિકા છે છતાં વહીવટીતંત્ર દ્વારા ગામ વિકાસ એજન્સીના અધિકારીઓને છાવરવામાં આવી રહ્યા છે જ્યારે હવે ડીસા તાલુકાના પેછડાલ ગામમાં પણ સરપંચ તથા તલાટી કમ મંત્રી દ્વારા શૌચાલય કૌભાંડ આચરાયું હોવાનું જાણવા મળી રહ્યું છે.



પેછડાલ ગામમાં અંદાજે ૧૦૦ જેટલા શૌચાલય બનાવ્યા ના હોવા છતાં ખોટા બિલો બનાવીને સરકારના રેકોર્ડ સાથે ચેડાં કરીને મસમોટું કૌભાંડ આચરાયું હોવાની રજુઆત કરવામાં આવી છે જાગૃત નાગરીકો દ્વારા બનાસકાંઠા જિલ્લાના વહીવટીતંત્ર તેમજ ગુજરાતના મુખ્યમંત્રી તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અરજી લખીને સમગ્ર મામલે તપાસ કરાવાની માંગ કરવામાં આવી છે જ્યારે આરટીઆઈ હેઠળ પણ માહીતી માંગી ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પેછડાલ ગામમાં હનુમાનપુરા દુધ ઉત્પાદન મંડળીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની રજુઆતના પગલે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી જેમાં ડેરીનાં મંત્રીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી હવે ફરીથી ગામમાં શૌચાલય કૌભાંડ બહાર આવ્યું હોવાની જાગૃત નાગરીકો દ્વારા વહીવટીતંત્રમાં રજૂઆતો કરવામાં આવી છે ત્યારે શૌચાલય કૌભાંડમાં વહીવટીતંત્ર દ્વારા સરપંચ તથા કૌભાંડ આચરનાર કસુરવારો સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવે તેવી જાગૃત નાગરીકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.



**મહેસાણામાં આર્થિક સર્વેનો પ્રારંભ**

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટસ્ટીકેલ એન્ડ પ્રોગ્રામ ઈમપ્લેમેન્ટેશન દ્વારા શરૂ થયેલ સાતમો આર્થિક સેન્સસ સર્વેનો શુભારંભ મહેસાણા જિલ્લાના વિસનગર એપીએમસી ખાતે કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમમાં જિલ્લાનું પ્રથમ આર્થિક સર્વેક્ષણ વિસનગર તાલુકાના ધારાસભ્ય ઋષિકેશ પટેલ દ્વારા વિસનગર એપીએમસી ખાતે કરવામાં આવ્યુ હતુ. જિલ્લાના આ પ્રથમ સર્વક્ષણમાં સીએસસી જિલ્લા મેનેજર આશિષ બારોટ, ચિરાગ મોદી તથા રાજેશ શિંદે ૨૦ જેટલા ગણતરીદાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીનો પ્રથમ આર્થિક સર્વે ડિજિટલી મોબાઈલ એપ્લિકેશનથી સીએસસી દ્વારા હાથ ધરવામાં આવશે.

# ઈડરિયા ગઢ પર ફિલ્મ સ્ટાર રણવીરસિંહના ત્રણ દિવસથી ધામા

## ‘‘જયેશભાઈ જોરદાર’’ના શૂટિંગ માટે ઈડરના વેપારીઓનો સ્વયંભૂ બંધ

ઈડરિયા ગઢે એક વાર ફરી બોલીવુડનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે. બોલીવુડ સુપર સ્ટાર રણવીરસિહની ફિલ્મનું છેલ્લા ત્રણ દિવસથી ઈડરના ગઢ અને



ઈડરનાં બજારોમાં શુટિંગ થઈ રહ્યું છે. બે દિવસ ઈડરના ગઢમાં શુટિંગ કર્યા બાદ આજે ઈડરના ટાવર વિસ્તારમાં સવારના સમયે ફીલ્મનું શુટિંગ કરાયું હતું. તો શુટિંગ માટે ઈડરના લોકોએ સ્વયંભુ બજાર બંધ રાખ્યું હતું.

રણવીરસિંહની એક ઝલક મેળવવા માટે લોકોના ટોળેટોળા બજારમાં એકઠા થયા હતા. ત્યારે શુટિંગ બાદ ઈડરની ગલીઓ જોવા માટે રણવીરસિંહ એકટીવા પર બેસી બજારમાં નીકળ્યો હતો. બોલીવુડ સુપર સ્ટાર રણવીરસિહે ઈડરની બજારમાં ફિલ્મનું શૂટિંગ કર્યું હતું

રણવીરસિહ એક્ટીવા પર બેસી ઈડરની ગલીઓમા ફર્યો હતો. જણાવી દઈએ કે છેલ્લા ત્રણ દિવસથી હિન્દી ફિલ્મના શુટીગ માટે રણવીરસિંહ ઈડરમાં છે. નોધનીય છે કે પંદરેક વર્ષ પહેલા અમિતાભ બચ્ચને પોતાના આલ્બમ ‘કભી-કભી’નુ શુટિંગ ઈડર ગઢમાં કરેલું. ત્યારે પંદર વર્ષ બાદ ફરી બોલીવુડની ફિલ્મનું શુટિંગ થતા ઈડરવાસીઓ પણ ખુશ થઈ ગયા હતા.

રણવીર સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ફિલ્મનું એક પોસ્ટર રિલીઝ કર્યુ છે જેમાં તે દંગ હોય તેવા હાવભાવ સાથે જોવા મળી રહ્યો છે. સાથે જ તેની પાછળ અનેક મહિલાઓ ઉભેલી જોઈ શકાય છે. આ પોસ્ટરને શેર કરતાં રણવીરે કેપ્શનમાં લખ્યું છે- જયેશભાઈ છે એકદમ જોરદારપ

રણવીર સિંહ પોતાની દરેક ફિલ્મમાં માચો મેનની ભૂમિકામાં નજરે આવે છે. પરંતુ આ ફિલ્મ માટે તેણે એકદમ સિમ્પલ ગુજ્જુ ભાઈનો લુક અપનાવ્યો છે. આ ફિલ્મનું નિર્માણ યશ રાજ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સાથે જ આ ફિલ્મનું લેખન દિવ્યાંગ ઠક્કરે કર્યુ છે, જે આ ફિલ્મથી ડાયરેકશન ડેબ્યૂ કરી રહ્યાં છે.

રણવીર સિંહે પોતાના કેરેક્ટર વિશે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, જેમ કે ચાર્લી ચેપલીને એકવાર કહ્યું હતું કે, હકીકતમાં હસવા માટે, તમારામાં દુખ સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ અને તેની સાથે રમવુ જોઈએ. જયેશભાઈ એક સાધારણ વ્યક્તિ છે, જે અસાધારણ સ્થિતિમાં કંઈક અસાધારણ કરતાં સમાપ્ત થાય છે. જયેશભાઈ સંવેદનશીલ અને દયાળુ છે. તે પિતૃસત્તાત્મક સમાજમાં પુરુષો અને મહિલાઓ વચ્ચે સમાન અધિકારોમાં વિશ્વાસ ધરાવે છે.

# ડીસામાં પરણિત મહિલાને સળગાવવાના પ્રયાસનો આક્ષેપ

ડીસાના ચન્દ્રલોક વિસ્તારમાં એક પરણિત મહિલાને મિલકત બાબતે થયેલ વિવાદમાં સાસરી પક્ષ દ્વારા જીવતા સળગાવી નાખવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોધાઈ છે.

આ અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાના ચંદ્રલોક વિસ્તારમાં રહેતા ધરતીબેન દિનેશભાઈ મોદી (ઉંમર વર્ષ ૨૮)ગત તારીખ ૨૧/૧/૨૦૨૦ ના રોજ તેમના પતિ બહારગામ ગયા હોઈ ઘરે એકલા હતા તે દરમિયાન બપોરે સાડા ત્રણ કલાકે તેમના સસરા ઈશ્વરલાલ સેવન્તિલાલ કાનૂડાવાળા તેમજ દિયર યોગેશ અને દેરાણી શિવાનીબેન આવીને તેમને મકાન ખાલી કરવાનું કહેલ જો કે તેમણે ના પાડતા ત્રણેયે ગડદાપાટુનો માર મારી ઘરની બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવેલ જેથી ધરતીબેન બાથરૂમમાં સંતાઈ ગયેલા તે દરમિયાન તેમના દિયર અને દેરાણીએ પાસેની બોટલમાંથી તેમના ઉપર કેરોસીન નાખેલ જેથી

તેઓ બહારની તરફ દોડી જઈને હોબાળો મચાવતા આસપાસના લોકો ભેગા થવા લાગેલ પરંતુ તેમણે ઘરના અંદર ભાગે ઓસરીને તાળું મારી દીધેલ અને ઘરમાં પડેલ ધોકા વડે દિયર મારવા લાગેલ અને કહેલું કે તે અમારી ઉપર કરેલ પોલીસ કેશ પાછો ખેંચ નહિ તો તને સળગાવી મારીશ આવું કહી જાનથી મારી નાખવાની ધમકીઓ

પણ આપી હતી.આ મામલે પીડિત ધરતીબેને ઉત્તર પોલિસ મથકે તેના સસરા ઈશ્વરલાલ સેવન્તિલાલ મોદી (કાનૂડવાળા) , દિયર યોગેશ ઈશ્વરલાલ મોદી (કાનૂડાવાળા ) અને દેરાણી સિવાનીબેન યોગેશભાઈ મોદી (કાનૂડવાળા) સામે ફરિયાદ નોંધાવતા ઉત્તર પોલિસે ઈ.પી.કો.કલમ ૪૯૮(એ) ૩૨૩, ૨૮૫ ,૫૦૮ (૨) અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના ચેરમેનપદે અજયભાઈ પટેલ અને વાઈસ ચેરમેનપદે શંકરભાઈ ચૌધરી ફરી બિનહરીફ

રાજયના સર્વોચ્ચ સહકારી સંસ્થા ધી ગુજરાત રાજય સહકારી બેંક (શિડયુલ્ડ એપેક્ષ બેંક)ના ચેરમેન પદે અજયભાઈ પટેલ અને વાઈસ ચેરમેનના હોદ્દા પર શંકરભાઈ ચૌધરી ફરી એકવાર બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રય ગૃહમંત્રી અમિતભાઈ શાહના અથાગ પ્રયાસો એન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, રાજય કક્ષાના તેમજ સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન, કેન્દ્ર અને રાજય સરકારના સહકારથી જીએસબીસીનો વિકાસ સંગીન રહ્યો છે.

જીએસબીસીની તમામ ૨૯ બ્રાન્ચોમાં કોરબેન્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આમ નાની સહકારી બેન્કોને રાષ્ટ્રીયકૃત બેન્કો અને ખાનગી બેન્કોની હરોળમાં મૂકવાનો પ્રંશસ્ય પ્રયાસ કર્યો છે. ગુજરાતની ૧૭ જિલ્લા સહકારી બેન્કો અને ૮૪૦૦ સેવા સહકારી મંડળીઓ અને ૨૮ લાખ ખેડૂતોને જીએસબીસીની સેવા પૂરી પાડી છે.

તેમના વડપણ હેઠળ જીએસસી બેન્કે છેલ્લા એક દાયકામાં ખાસ્સી પ્રગતિ સાધી છે. છેલ્લા પાંચ વર્ષથી બેન્કો કુલ નફો રૂા. ૧૦૦ કરોડથી વધુનો રહ્યો છે. જીએસબીબીની થાપણો વધારવાના તેમના પ્રયાસોને ખાસ્સી સફળતા મળી છે. ૨૦૦૮-૦૯ ની સાલમાં તેમની થાપણો રૂા. ૩૨૦૯.૯૫ કરોડની હતી તે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંતે ૧૦૦ ટકાથીય વધુ વધીને રૂા. ૬૫૫૪.૬૦ કરોડની થઈ છે. ૨૦૦૮-૦૯ની વર્ષમાં કુલ ધિરાણો રૂા. ૧૭૮૬.૫૮ કરોડના હતા જે વધીને હાલ વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે રૂા. ૬૭૧૧.૯૦ કરોડના થયેલ છે. તેમના નેતૃત્વ બેન્ક આવી ત્યારથી તેમના શેરહોલ્ડરોને વાર્ષિક મહત્તમ ૧૫ ટકાની નિર્ધારિત મર્યાદામાં ડિવિડંડ આપતી આવી છે. એક જમાનામાં ૯.૨૯ ટકા જેટલી જંગી એનપીએ સામે અત્યારે નેટ એનપીએ શૂન્ય ટકા છે. તેની સામે ગ્રોસ એનપીએ ૨૦૧૯ના માર્ચની સ્થિતિએ ૧.૯૮ ટકા જ છે. આમ, તમામ સહકારી બેન્કોને એક છત્ર હેઠલ લાવીને તેમનું આધુનિક સેવાઓ સાથે સાંકળી રાખવામાં જીએસસીબીનો ફાળો બહુ જ મોટો છે.



## ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ દ્વારા ઈનોવીઝ ‘ડિસ્કવરિંગ બિઝનેસ ઈનોવેશન’નું આયોજન




ગાંધીનગર, તા. ૨૨

આઈ.એ.આર. ગાંધીનગર બિઝનેસ અને મેનેજમેન્ટ વિભાગે આજે ઈનોવીઝ ‘‘ડિસ્કવરિંગ બિઝનેસ ઈનોવેશન’’ નું આયોજન કર્યું. આ ઈવેન્ટ બે દિવસની છે, જેમાં ક્લેશ ઓફ ટાઈકોન્સ, સ્ટોક ટ્રેડિંગ, એડમેડ, બેટલ ઓફ બેન્ડ્સ, બિઝનેસ પ્લાન, હંગ્રી બર્ડ્સ, બિઝનેસ ક્વિઝ જેવી વિવિધ સ્પર્ધાઓનો બિઝનેસ ફેસ્ટ રહેશે.

પ્રથમ દિવસે ઉદઘાટન સમારોહમાં પ્રોફે. રાવ ભામીદીમારી, પ્રેસીડેન્ટૈ છઈ- ગાંધીનગર ભાગ લેનારનું સ્વાગત કર્યુ અને ગાંધીનગરના મેયર શ્રીમતી રીટા પટેલે આ કાર્યક્રમની શરૂઆત કરી તથા વિદ્યાર્થીઓની ઉત્સાહમાં વધારો કર્યો, ત્યારબાદ, કાર્યક્રમના મુખ્ય અતિથિ ભદ્રેશ પાનખણીયા, સીઈઓ, બાયો કેર ઈન્ડિયાએ વિધ્યાર્થીને સંબોધન કર્યું હતું.

જયારે બીજા દિવસના સમાપન સમારોહમાં પ્રોફે. રાવ ભામીદીમારી, પ્રેસીડેન્ટૈ છઈ- ગાંધીનગર ભાગ લેનારને ધન્યવાદ પાઠવ્યા. અને મુખ્ય મહેમાન રમણલાલ વોરા (ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન) તથા વરેશ પાંડોર, જિલ્લા રોજગાર અધિકારી દ્વારા વિધ્યાર્થીને સંબોધ્યા તથા વિજેતા વિધ્યાર્થીઓને પુરસ્કારથી સન્માનીત કર્યા હતા.

આ કાર્યક્રમમાં અલગ અલગ સ્કુલ તથા સંસ્થામાંથી ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને એવોર્ડમાં પ્રથમ ઈનામ માટે રૂ. ૫૦૦૦, દ્વિતીય ઈનામ માટે રૂ.૩૦૦૦ અને રૂ. ત્રીજા ઈનામ માટે રૂ. ૧૦૦૦ ના ઈનામ રાખવામાં આવેલ હતા.

## સાડાસાતીની પનોતી...

● બીજા પાનાનું ચાલુ

જોઈએ, દેશના ઉત્તારીય રાજ્યોમાં સંઘર્ષ રહે અને બ્રહ્મા રાજકર્તાઓ મોટ સારૂ ન રહે. માધાતાઓમાં અંદરોઅંદર મતભેદ વધે જ્યારે દેશના અન્ય વર્ગો અને વ્યક્તિઓ માટે કલ્યાણકારક ગણાય. ભારતની રાશિ મકર ગણાય છે. કાલસર્પ યોગની ઉધ્વીત અસ્ત ગોળામાં રાહુ કેતુ વચ્ચે ગૃહો હોવાથી વિધિના માધાતાઓમાં પણ શાંતિ ન રહે. ફેબ્રુઆરી માસમાં બજારોમાં તા. ૨૪ બાદ સટ્ટામય ખરીદી જણાય તેમજ માર્ચ માસમાં શનિ-મંગળના યોગ અનિષ્ટકારક ગણાય છે. ભારતે પણ સિમાંત પ્રદેશોમાં સાચવવુ રહ્યું જેમાં અતિ ક્રમણ વગેરેથી સાવચેત રહેવુ જોઈએ. એપ્રિલ માસમાં પણ મંગળ, શનિ, ગુરૂના યોગો બજારો ઉપર અસરકર્તા રહે. મંગળ ગુરૂ, શનિ, પ્લૂટો વગેરે વિશ્વમાં પરમાણુ દેશો માટે સારા ગણાય નહિ. મકર કર્ક ગતિમાં ભારત પ્રગતિ કરે. ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન વધે, વિશ્વમાં ભારત માર્ગદર્શક બની રહે. શનિ ગુરૂના યોગો મહા પરિવર્તનકારક ગણાય. ભારતમાં ક્રાંતિકારી સુધારા આવે જો કે, ગુરૂ શનિના યોગો ધાર્મિક પ્રંધોને છતા કરે. વૈશ્વિક સમીકરણમાં ભાગ ભારતે પણ બનવુ રહ્યુ. ભારત શનિ, કામદાર, પશ્ચિમ કરનારનો રોચક છે. ભારતની રાશિ ફળ મંગળ છે એટલે ભારતમાં ખેડૂતોની સમસ્યાઓ હલ થતી જણાવી અને પરિશ્રમ કરનાર વર્ગ માટે સારા સુધારા આવે.

## ઠંડીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત ઓછો થતા મોસમમાં ગુલાબી ઠંડી રહી હતી. સાંજ ઢળતા પણ વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી હતી. જયારે વહેલી સવારે ઠંડીનુ પ્રમાણ વધુ હોવાનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. શહેરમાં શિયાળાની મોસમના પ્રારંભથી ઠંડીનો મિજાજ વિચિત્ર રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં એટલી ગિરાવટ ન હોવાછતા નગરજનો વિશેષ ઠંડી અનુભવી રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત આ વર્ષે ઠંડીની સાથે બર્ફિલા પવનનુ જોર વધુ રહેતા નગરજનો આકરા કોલ્ડવેવથી પ્રભાવિત થયા છે. જયારે એકાએક ઠંડીનુ પ્રમાણ ઘટતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો છે.

## તપાસ હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકા વિકાસ અધિકારી માણસા તાલુકાના કામોની તપાસ કરશે. કલોલ તાલુકા વિકાસ અધિકારી ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં થયેલ કામોની તપાસ અને ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી દહેગામ તાલુકામાં આ અંગેની તપાસ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમો જ્યારે તપાસમાં જશે ત્યારે વિભાગે ૧૬ જેટલા મુદ્દાઓનું ચેકલિસ્ટ તૈયાર કરી આપ્યુ છે તેના આધારે પોતાનો અહેવાલ બનાવશે. આ ઉપરાંત આ ટીમો ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વિવિધ કચેરીઓની પણ મુલાકાત લેશે એટલુ જ નહિ એ કચેરીઓના દફતર ચકાસણીની પણ કામગીરી કરશે. વિકાસ કામમાં કોઈ મોટી ગેરરીતિ જણાશે તો તે માટે અલગથી અહેવાલ આપવાનો રહેશે. ૧૪ મા નાણાંપંચમાં વિકાસના કામો માટે સીધી જ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવે છે અને વિકાસ કામો માટે વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં રજુ થયેલા કામો હાથ ધરવાના હોય છે.

## ભટકી રહ્યો છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેનો વિરોધ કરે તે કરવું જોઈએ, પરંતુ નાગરિકત્વ સુધારણા કાયદો પાછો ખેંચી શકાશે નહીં. . આ ભાષણ દરમિયાન શાહે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસને ચર્ચા માટે પડકાર ફેંક્યો હતો. આ પડકારને સ્વીકારતા અખિલેશે કહ્યું કે શાહે તેમની સાથે સીએએ જ નહીં, પરંતુ વિકાસના મુદ્દે પણ ખુલ્લા પ્લેટફોર્મ પર ચર્ચા કરવી જોઈએ. તે આ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. લખનૌમાં સમાજવાદી નેતા જનેશ્વર મિશ્રાને તેમની પુણ્યતિથિ પર શ્રધ્ધાંજલિ આપ્યા પછી એક ભાષણમાં અખિલેશે કહ્યું કે ગૃહમંત્રીએ તેમના ભાષણમાં યોગ્ય નથી તેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

## ઈન્ડેક્સમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉથલપુથલ વાળુ રહ્યું હતું. ભાજપ સરાકારે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવી દીધો. નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કર્યો. સરકારના આ ઐતિહાસિક નિર્ણયોએ રાજકીય ઘર્ષણપેદા કર્યુ. ઝછછને સમગ્ર દેશમાં ભેદભાવ વાળા કાયદા તરીકે જોવામાં આવ્યો.

## બોલતો રોબોટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલવામાં આવશે. આ મનુષ્ય જેવા દેખાતા હ્યૂમનોઈડ રોબોટ હશે. અન્ય દેશ આવા મિશનથી પહેલા અંતરિક્ષમાં પશુઓ મોકલી ચૂક્યા છે. હ્યૂમનોઈડ શરીરના તાપમાન અને ધબકારા સંબંધિત ટેસ્ટ કરશે. સિવને જણાવ્યું કે ગગનયાન મિશન માટે જાન્યુઆરીના અંતમાં જ ૪ પસંદગીના એસ્ટ્રોનોટ્સને ટ્રેનિંગ માટે રશિયા મોકલવામાં આવશે. સિવને કહ્યું કે ગગનયાન માત્ર મનુષ્યોને અંતરિક્ષમાં મોકલવાનું મિશન નથી. આ મિશન આપણને આગળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર સહયોગ મેળવવામાં મદદ કરશે. તેમણે કહ્યું, - આપણે જાણીએ છીએ કે વૈજ્ઞાનિક શોધ, આર્થિક વિકાસ, શિક્ષણ, ટેક્નિકલ વિકાસ અને યુવાઓને પ્રેરણા દેવી એ બધા દેશોનું લક્ષ્ય છે. કોઈ ભારતીય દ્વારા અંતરિક્ષની યાત્રા આ બધી પ્રેરણાઓ માટે સૌથી ઉમદા પ્લેટફોર્મ છે. ૨૦૨૨માં ઈશરો માનવ મિશન ગગનયાન લોન્ચ કરશે.

## મનાઈ નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધનીય છે કે સમગ્ર દેશની અને જેઓ આ કાયદાનો વિરોધ કરી રહ્યાં છે તેમની નજર આજે સુપ્રિમ કોર્ટના કોઈ આદેશ પર ટિકાયેલી હતી. જો કે કોર્ટ કાયદાના અમલ સામે કોઈ મનાઈ હુક્મ આપશે એવી તેમની આશાઓ પૂર્ણ થઈ શકી નહોતી. પરિણામે આ કાયદા સામે આંદોલન હજુ પૂર્ણ થાય તેમ હાલમાં જણાતું નથી.

કેન્દ્ર સરકારે ૧૧, ડિસે-૨૦૧૯માં સંસદમાં નાગરિકતા કાયદો-૧૯૫૫માં સુધારો કરીને મુસ્લિમ રાષ્ટ્રો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં અત્યાચારનો ભોગ બનીને ભારત આવેલા હિન્દુ-સિખ-પારસી-ખ્રિસ્તી-જૈન અને બૌધ્ધ ધર્મી શરણાર્થીઓને ભારતનું કાયમી નાગરિકત્વનો નિર્ણય કર્યો હતો. આ કાયદાને રાષ્ટ્રપતિની પણ મંજૂરી મળી છે. જો કે આ શરણાર્થીઓમાં મુસ્લિમ સમુદાયનો સમાવેશ નહીં કરાતા અને કેન્દ્રનું આ પગલુ આખા દેશમાં આસામની જેમ એનઆરસી લાગૂ કરવાનું પ્રથમ પગલુ હોવાનો દાવો કરીને તેની સામે કોંગ્રેસ સહિત અન્યો દ્વારા આંદોલન શરૂ કરાયાની સાથે મુસ્લિમ સંગઠન સહિતની ૧૪૦ જેટલી રીટ અરજીઓ એક પછી એક કરીને તેને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જેની સુનાવણી આજે બુધવારે હાથ ધરાઈ હતી.